# <u>શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વીશા શ્રીમાળી મેડીકલ રીલીફ ટ્રસ્ટ</u>

સાંકડી શેરી, માણેકચોક, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન:૨૨૧૪૦૨૧૧.

<u>૧૫-૭-૨૦૧૯</u>

## <u>૨૦૧૯-૨૦ ની ચુંટણી બાબત</u>

**Website : www.vishashrimalignati.org - Email : vishamedicaltrust@gmail.com**

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વીશા શ્રીમાળી મેડીકલ રીલીફ ટ્રસ્ટના દાતાઓશ્રીના ના પાંચ પ્રતિનિધિની _ત્રણ વર્ષ માટે ચુંટણી કરવાની છે.

આપ સર્વે દાતાઓશ્રી ને જણાવતા આનંદ થાય છે કે આપણા મેડીકલ ટ્રસ્ટના દાતાશ્રી ની યાદી જ્ઞાતિની વેબસાઈટ ઉપર આવેલ મેડીકલ ટ્રસ્ટ ના પેજ ઉપર  મુકાઇ ગયેલ છે. (www.vishashrimalignati.org)

બદલાતા જતા સમય ની સાથે આપણે આપણી ચુંટણી ની પ્રકિયા બદલવી પડે એમ છે. કોમ્પ્યુટરના જમાનામાં ચુંટણી પ્રકિયા માટે પણ કોમ્પ્યુટરનો ઉપયોગ કરવો ઘણો જરૂરી છે જેથી ખર્ચો પણ ઓછો થાય, સમયની બચત થાય અને પ્રકિયા ઝડપી બને.

જ્ઞાતિ ની વેબસાઈટ ઉપર દાતાશ્રી ની જે યાદી મુકેલ છે તેમાં દાતાશ્રીના નામ, સરનામાં, ફોન નંબર,email એડ્રેસ અને દાતાશ્રીના પ્રતિનિધિના નામ વગેરે પૈકી જે માહિતી ટ્રસ્ટ પાસે ઉપલબ્ધ છે તે આ યાદીમાં સામેલ છે. આ યાદીમાં આપશ્રીને આપના સરનામાં, ફોન નંબર, Email address, મોબાઇલનંબર અને પ્રતિનિધિના નામમાં વગેરેમાં ફેરફાર કરવો હોય તો **Email:vishamedicaltrust@gmail.com** ઉપર email કરીને અથવાતો માણેકચોક દવાખાનાના સરનામે પૂરી વિગત સાથે લખીને તા.<u>૧૪-૮-૨૦૧૯</u> સુધી માં જણાવશો. આ પહેલા પણ ટ્રસ્ટ તરફથી આ માહિતી મંગાવાવમાં આવેલ પરંતુ ઘણી બધી માહિતી બાકી રહે છે. આ ચુંટણીની ફાઈનલ પ્રકિયા માટે આ છેલ્લી વખત આ માહિતી મંગાવાવમાં આવે છે તો યોગ્ય સહકાર આપવા વિનંતી. આપના તરફથી તા.૧૪-૮-૨૦૧૯ સુધીમાં કોઈ જવાબ નહિ મળે તો આપેલ યાદીમાં  આપ કોઈ ફેરફાર કરવા માંગતા નથી એમ સમજવામાં આવશે અને એ યાદીને આ ચુંટણી પ્રકિયા સુધી કાયમી ગણવામાં આવશે. તા.૧૪-૮-૨૦૧૯ સુધીમાં ટ્રસ્ટ પાસે આવેલ સુધારાની વિગત મુજબ સુધારા કરીને નવી યાદી તા.૩૧-૮-૨૦૧૯ સુધીમાં જ્ઞાતિની website

ઉપર આવેલ મેડીકલ ટ્રસ્ટના પેજ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે જે આ ચુંટણી પ્રકિયા સુધી કાયમી ગણવામાં આવશે.

**ઉપરોક્ત યાદીમાં આપ કોઈ ફેરફાર કરવા માંગતા હોય તો નીચે દર્શાવેલ વિગત જણાવવી ખાસ જરૂરી છે.**

**દાતાશ્રીનુ પૂરૂં નામ,સરનામું આપનો દાતા નં.,(જે આપને દાતાશ્રીની યાદીમાંથી મળશે), તારીખ. ફેરફાર કરવાની વિગત જેવીકે ફોન નં, મોબાઇલ નં, email address, પ્રતિનિધિ નુ નામ, વગેરે.**

## ચુંટણી અંગેની પ્રક્રિયા

- **ડોનર્સની યાદીમાં દર્શાવેલ ડોનર્સના પ્રતિનિધિઓ પૈકી પાંચ પ્રતિનિધિના નામ પસંદ કરીને નીચે આપેલ મતપત્ર પૂરેપૂરું ભરીને રૂબરૂમાં અથવા આપના પ્રતિનિધિ દ્વારા નીચે દર્શાવેલ સમય મુજબ નીચે દર્શાવેલ સરનામાં ઉપર રાખવામાં આવેલ મતપેટીમાં આપશ્રીના મત નાખવાના રહેશે. દાતાશ્રીએ ભરેલા મતપત્ર સાથે તેમનું અથવા તેમના પ્રતિનિધિનું PHOTO ID ની XEROX નકલ પૈકી કોઈ પણ એક (પાન કાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ વગેરે ) બીડવી જરૂરી છે. બીડાણ વગરનો મતપત્ર રદ ગણવામાં આવશે.**

- **મતપત્રમાં જો કોઈ પણ માહિતી અધુરી દર્શાવેલ હશે અને પાંચ પ્રતિનિધિ થી ઓછા અથવા વધારે પ્રતિનિધિ પસંદ કરેલ હશે. તો મત પત્રક રદ ગણવામાં આવશે.**

**ટ્રસ્ટી મંડળના સભ્યો વ્યસ્થાપક મંડળના એક્સ-ઓફીસીઓ સભ્યો છે, માટે તેઓના નામ પસંદ કરવાના નથી. તેઓના ના જ્ઞાતિની વેબસાઈટ ઉપર દર્શાવેલ છે.**

ટ્રસ્ટી મંડળના સભ્યો વ્યસ્થાપક મંડળના એક્સ-ઓફીસીઓ નામ :

૧: શ્રી વિક્રમભાઈ ચીમનલાલ બ્રોકર (ટ્રસ્ટી, ચેરમનશ્રી)

૨: શ્રી દેવલભાઈ નરેન્દ્રભાઈ શેઠ (ટ્રસ્ટી, શેઠશ્રી)

3: શ્રી જયેશભાઈ કસ્તુરભાઈ શેઠ(ટ્રસ્ટી)

૪: શ્રી હિરેનભાઈ રસિકલાલ વકીલ (ટ્રસ્ટી)

# <u>ચુંટણી અંગેનો કાર્યક્રમ</u>

૧: તા.૧૪-૮-૨૦૧૯ સુધીમાં દાતાશ્રીની યાદીમાં સુધારો થઇ શકશે.

૨: તા.૩૧-૮-૨૦૧૯ સુધીમાં સુધારેલ યાદી જ્ઞાતિની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

૩: તા.<u>૨૦-૯-૨૦૧૯</u> થી તા.<u>૨૨-૯-૨૦૧૯</u> સુધીમાં ના રોજ સવારના ૧૧-૩૦ વાગ્યાથી સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં દાતાશ્રીએ તેમના પસંદ કરેલ પાંચ પ્રતિનિધિના નામ મતપત્રમાં લખીને, મતપત્ર પૂરેપૂરું ભરીને રૂબરૂમાં અથવા આપના પ્રતિનિધિ દ્વારા નીચે દર્શાવેલ સમય મુજબ નીચે દર્શાવેલ સરનામાં ઉપર રાખવામાં આવેલ મતપેટીમાં આપશ્રીના મત નાખવાના રહેશે.

૪: તા ૨૨-૯-૨૦૧૯ના રોજ સિલેક્ટ થયેલ નવા પાંચ સભ્યોના નામ જાહેર કરવામાં આવશે.

૫: રીટર્નીંગ ઓફિસર તરીકે શ્રી ચન્દ્રપ્રકાશભાઈ રસિકલાલ શાહ અને શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ શાહ ની નિમણુક કરવામાં આવેલ છે.

૬: દાતાશ્રીના પ્રતિનિધિની યાદી જ્ઞાતિની ઓફિસે તેમજ ટ્રસ્ટના માણેકચોક દવાખાનામાં રાખવામાં આવેલ છે.

૭: દાતાશ્રીના પ્રતિનિધિની સુધારણા યાદીની પ્રકિયા ચુંટણીની તમામ પ્રકિયા પૂર્ણ થયા બાદ તા.૧-૧૦-૨૦૧૯થી ફરી શરૂ કરવામાં આવશે.

<u>મતપત્ર જમા કરાવવાનું સરનામું :</u>

૧ – જ્ઞાતિની ઓફીસ : ૧૦૪, પ્રથમ માળ, 'સર્વમંગલ કોમ્પ્લેક્ષ', સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ઉપર, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ. ફોન નં.૨૫૩૫૫૯૫૭

૨ – માણેકચોક દવાખાનું : સાંકડી શેરી, માણેકચોક, અમદાવાદ. ફોન નં.૨૨૧૪૦૨૧૧

સમય : <u>તા.૨૦-૯-૨૦૧૯ થી તા.૨૨-૯-૨૦૧૯</u> સુધીમાં ના રોજ
<u>સવારના ૧૧-૩૦ વાગ્યાથી સાંજના ૪-૦૦</u> વાગ્યા સુધી.

# શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વીશા શ્રીમાળી મેડીકલ રીલીફ ટ્રસ્ટ


સાંકડી શેરી, માણેકચોક, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન:૨૨૧૪૦૨૧૧.

**Website : www.vishashrimalignati.org**
**Email : vishamedicaltrust@gmail.com**


**વિષય: આપના સરનામામાં અને આપે નીમેલ પ્રતિનિધિના નામમાં, ફોન no., email એડ્રેસ, મોબાઈલ no., વગેરેમાં ફેરફાર બાબત.**

આપશ્રીએ આપનું અમૂલ્ય દાન ટ્રસ્ટને આપેલ એ માટે ટ્રસ્ટ સદા આપનું ઋણી રહેશે. આપે આપેલ દાતાશ્રીની અંગેની વિગત જેવીકે પ્રતિનિધિના નામ, ફોન no., email એડ્રેસ, મોબાઈલ no., વગેરેમાં ફેરફાર/ઉમેરો કરવાનો હોય તો વાજબી કારણ દર્શાવીને નીચે આપેલ બોક્ષ પૂરેપૂરૂ ભરીને સંસ્થાના email એડ્રેસ ઉપર તા.૧૪-૮-૨૦૧૯ સુધીમાં મોકલી આપશો.

## ફેરફારની અરજી

| |
|---|
| દાતાશ્રીનું પૂરૂં નામ/ રજી.no. / સરનામું : |
| ફોન no./મોબાઈલ no./e mail address: |
| નવા પ્રતિનિધિનુ નામ: |
| નવા પ્રતિનિધિની સહી: |
| ફેરફારનું કારણ : |
| દાતાશ્રીની સહી અને તારીખ : |

ઉપર જણાવ્યા પ્રમાણે આપને જે ફેરફાર કરવાના હોય તે તા.૧૪-૮-૨૦૧૯ સુધીમાં ટ્રસ્ટના ઉપરના સરનામે અથવા email કરીને ઉપર મોકલી આપવાના રહેશે. આપના તરફથી આ સમયમાં કોઈ ફેરફાર અરજી નહિ મળે તો ઉપરોક્ત વિગતોમાં આપ કોઈ ફેરફાર કરવા માંગતા નથી એમ સમજવા આવશે અને તે મુજબ રેકોર્ડમાં ચાલુ રાખવામાં આવશે.

આપ સૌ દાનેશ્વરીઓના યોગદાનને કારણેજ આપનું દવાખાનું સારી પ્રગતિ કરી શકેલ છે. હજી વધુ યોગદાન આપી દવાખાનાની પ્રગતિ વધારે સારી કરવામાં ભાગીદાર થશો.

આભાર સહ

લિ.

જયેશભાઈ શાહ
સેક્રેટરી